# લાવી ફુલન કેરો હાર

લાવી ફુલન કેરો હાર, પેરો પેરો નંદલાલ
પેરો નંદલાલાલા નંદકે દુલારા લાવી...

હીરા માણેક પ્રભુ નથી મારી પાસે
ડોલર દુલારાને કાજ લાવી...

જાઈ જુઈ ને વળી મોગરો લાવ્યાં
ચંપો કળીને ગુલાબ લાવી...

શેર મોગરે વાલા હાર ગુંથાવું
પ્રેમે પેરોને મારા નાથ લાવી...

મોર મુગટને જરકશી જામા
ફુલડાની બાંધુ બાજુબંધ લાવી...

પીળા પિતાંબર લાલ લટકાડા
ફુલડાના હાર પેરાવું લાવી...

બાઈ મીરા કહે પ્રભુ ગીરીધર નાગર
તમને ભજીને થઈ છું ન્યાલ લાવી...